શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૧૬

# શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર


આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.
પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા

રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.
ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

– ડૉ. સાધ્વી આરતી
– સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

અહો ગુરુદેવ!

આપની આજ્ઞા સહ પરમ કૃપાએ

સાકાર પામેલી ગુરુ પ્રાણ

આગમ બત્રીસી આધારિત

આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે

આપના કરકમલમાં અર્પણ... **સમર્પણ...**

# શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર

શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર પાંચમું ઉપાંગ સૂત્ર છે. આ આગમમાં મહદ્ અંશે જંબૂદ્વીપનું વર્ણન છે. તેમાં સાત વક્ષસ્કાર (અધ્યયન–પ્રકરણ) છે.

## પ્રથમ વક્ષસ્કાર

લોકના ત્રણ વિભાગ છે – ઊર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક. મધ્યલોકમાં અસંખ્યાત દ્વીપ અને સમુદ્રો છે. એક–બીજાને વીંટળાઈને રહ્યા છે. તેની કેન્દ્રમાં, વચ્ચોવચ્ચ જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. તે રથના પૈંડા, પૂડલા કે પરિપૂર્ણ ચંદ્ર જેવો ગોળ છે. તે એક લાખ યોજન લાંબો–પહોળો છે અર્થાત્ તેનો વ્યાસ ૧ લાખ યોજનનો છે. આ જંબૂદ્વીપના ફરતે કોટ કે કિલ્લા જેવી ૮ યોજન ઊંચી અને ઉપર ૪ યોજન પહોળી જગતી છે. જગતીની બહારની બાજુ જગતીની દિવાલની મધ્યમાં (ઝરુખા જેવી) જાળી છે. જગતીની ઉપર ચાર યોજનની પહોળાઈની મધ્યમાં ૫૦૦ યોજન પહોળી અને અર્ધો યોજન ઊંચી પાળી–પદ્મવર વેદિકા છે. જગતીની ઉપર, પદ્મવર વેદિકાની બંને

બાજુએ વિવિધ પ્રકારના વૃક્ષોથી સુશોભિત વનખંડ છે.

જંબૂદ્વીપની આ જગતીમાં ચારે દિશામાં ચાર દ્વાર છે. પૂર્વદિશામાં વિજય, દક્ષિણમાં વૈજયંત, પશ્ચિમમાં જયંત અને ઉત્તર દિશામાં અપરાજિત નામનું દ્વાર છે. તે દ્વાર આઠ યોજન ઊંચા અને ચાર યોજન પહોળા છે. તે દ્વારના એક પલ્યોપમની સ્થિતિવાળા વિજયાદિ (દ્વારના નામવાળા) ચાર અધિષ્ઠાયક દેવો છે.

આ જંબૂદ્વીપમાં દક્ષિણદિશામાં, દક્ષિણવર્તી લવણ સમુદ્રની ઉત્તરમાં ભરત ક્ષેત્ર છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબુ અને ઉત્તર-દક્ષિણ પહોળું છે. તે પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ ત્રણ દિશામાં લવણ સમુદ્રને સ્પર્શે છે. ભરતક્ષેત્રની મધ્યમાં પૂર્વ-પશ્ચિમ લાંબો વૈતાઢ્ય નામનો પર્વત છે. તેના કારણે ભરતક્ષેત્રના બે વિભાગ થઈ જાય છે. (૧) દક્ષિણાર્ધ ભરત અને (૨) ઉત્તરાર્ધ ભરત ક્ષેત્ર. દક્ષિણ ભરતક્ષેત્ર ધનુષ્યની કમાનની જેમ ગોળાકાર છે અને ઉત્તર ભરત ક્ષેત્ર લંબચોરસ આકારે છે.

તે વૈતાઢ્ય પર્વત પૂર્વ અને પશ્ચિમ દિશામાં લવણ સમુદ્રને સ્પર્શે છે. તે રુપ્યમય છે. તે ૫૦ યોજન પહોળો છે અને ૨૫ યોજન ઊંચો અને સવા ૭ યોજન જમીનમાં ઊંડો છે. ૧૦ યોજનની ઊંચાઈ પર ૧૦ યોજન પહોળી સમતલભૂમિ છે, તે મેખલા (કટિસ્થાન) રૂપે ઓળખાય છે. ૨૦ યોજનની ઊંચાઈ પર પુનઃ ૧૦ યોજન પહોળી મેખલા (સમતલ ભૂમિ) છે. ત્યાંથી ૫ યોજન ઊંચે વૈતાઢ્યપર્વત ૧૦ યોજન પહોળો છે અને તે શિખરતલ ઉપર નવ શિખર (કૂટ) છે. તે શિખરો ૬। યોજન ઊંચા અને ૬। યોજન લાંબા–પહોળા છે. આ રીતે વૈતાઢ્ય પર્વતની કુલ ઊંચાઈ ૩૭।। (૬। યોજન પાયો + ૨૫ યોજન ઊંચાઈના + ૬। યોજન શિખરની ઊંચાઈના) યોજન છે.

વૈતાઢ્યપર્વત ઉપર ૧૦ યોજનની ઊંચાઈએ મેખલાના સ્થાને, પર્વતની ઉત્તર–દક્ષિણ બંને બાજુએ વિદ્યાધર મનુષ્યો નિવાસ કરે છે. તેમના દક્ષિણમાં ૫૦ અને ઉત્તરમાં ૬૦ નગરો શ્રેણી–પંક્તિબદ્ધ રૂપે સ્થિત છે. વિદ્યાધરોના રહેવાના કારણે તે વિદ્યાધર શ્રેણી

કહેવાય છે.

વૈતાઢ્ય પર્વત ઉપર ૨૦ યોજનની ઊંચાઈએ બીજી મેખલા સ્થાને પર્વતની ઉત્તર-દક્ષિણ બંને બાજુએ આભિયોગિક (સેવક) દેવો નિવાસ કરે છે. આભિયોગિક દેવોના રહેવાના કારણે તે આભિયોગિક શ્રેણી કહેવાય છે.

આ વૈતાઢ્યપર્વતમાં ઉત્તરાર્ધભરત અને દક્ષિણાર્ધભરત ક્ષેત્રને જોડતા માર્ગ જેવી, પર્વતની આરપાર નીકળતી બે ગુફાઓ છે. પૂર્વમાં ખંડપ્રપાત નામની અને પશ્ચિમ દિશામાં તિમિસ્ર નામની ગુફા છે. આ બંને ગુફાઓ ઉત્તર-દક્ષિણ ૫૦ યોજન લાંબી અને પૂર્વ-પશ્ચિમ ૧૨ યોજન પહોળી અને ૮ યોજન ઊંચી છે. આ ગુફાની ઉત્તર અને દક્ષિણમાં બંને બાજુએ ૮ યોજન ઊંચા ૪-૪ યોજન પહોળા દરવાજા છે. આ બંને ગુફામાં પથ્થરને પણ તરાવે તેવી ઉમગ્નાજલા નામની અને તૃણને પણ ડૂબાડે દે, તેવી નિમગ્નજલા નામની બે નદીઓ વહે છે ખંડપ્રપાત ગુફાના અધિપતિ નૃતમાલક અને તિમિસ્ર ગુફાના અધિપતિ કૃતમાલક

દેવ છે.

ભરતક્ષેત્રની ઉત્તરમાં, ભરતક્ષેત્રની સીમાએ ચુલ્લહિંમવંત પર્વત છે. તે પર્વતમાંથી પૂર્વદિશામાં ગંગા નદી અને પશ્ચિમ દિશામાં સિંધુ નદી નીકળે છે. આ બંને નદીઓ ઉત્તરથી દક્ષિણ દિશા તરફ વહી, વૈતાઢ્ય પર્વતની નીચેથી વહીને દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં આવીને ગંગા નદી પૂર્વદિશાથી અને સિંધુ નદી પશ્ચિમ દિશાથી લવણસમુદ્રમાં મળે છે. આ બંને નદીના કારણે ઉત્તરાર્ધ ભરતક્ષેત્રના ત્રણ, અને દક્ષિણાર્ધ ભરતના ત્રણ એમ કુલ ભરત ક્ષેત્રના છ વિભાગ થઈ જાય છે. દક્ષિણાર્ધ ભરતના ગંગા-સિંધુ નદીની વચ્ચેના મધ્યખંડમાં ૨૪ તીર્થંકરાદિ થાય છે. મધ્યખંડ સિવાયના શેષ પાંચે ખંડમાં અનાર્ય લોકો વસે છે. ઉત્તરાર્ધભરત ક્ષેત્રના ગંગા-સિંધુ નદી વચ્ચેના મધ્યભાગમાં વૈતાઢ્ય પર્વતની તળેટીમાં ઋષભકૂટ નામનો પર્વત છે.

## બીજો વક્ષસ્કાર

ભરતક્ષેત્રમાં સદા એક સમાન કાળ રહેતો

નથી. ત્યાં કાળનું પરિવર્તન થયા કરે છે. ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી અવસર્પિણી કાળ અને ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી ઉત્સર્પિણીકાળ હોય છે. ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળ ક્રમશઃ પરિવર્તન પામ્યા કરે છે. એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણીકાળ મળીને, ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમનું એક કાળચક્ર ગણાય છે.

અવ એટલે નીચેની તરફથી અને સર્પ એટલે સરકવું. હીનતા તરફ સરકતો કાળ અથવા જેમ સર્પિણી–સર્પનું શરીર મોઢા તરફથી પૂંછડી તરફ હીન થતું જાય છે. તેમ શુભથી અશુભ તરફ ગતિ કરતાં કાળને અવસર્પિણીકાળ કહે છે. તેમાં જીવના સંઘયણ, સંસ્થાન, આયુષ્ય, અવગાહના (ઊંચાઈ) તથા પુદ્‌ગલના વર્ણ, ગંધ, રસ વગેરે ક્રમશઃ હીન થતાં જાય છે. તેમાં શુભતમ ભાવો શુભતર, શુભ અશુભ, અશુભતર, અશુભતમ બની નિમ્ન અવસ્થામાં આવે છે.

ઉત્‌ એટલે ઉપર. સર્પનું શરીર પૂંછડીથી મુખ તરફ જતાં વૃદ્ધિ પામે છે. તેમ અશુભથી શુભ તરફ

ગતિ કરતાં કાળને ઉત્સર્પિણી કાળ કહે છે. આ કાળમાં જીવના સંઘયણ, સંસ્થાન, આયુષ્ય, ઊંચાઈ તથા પુદ્ગલોના વર્ણ, ગંધ વગેરે શુભ થતાં જાય છે. તેમાં અશુભતમ ભાવો ક્રમશઃ અશુભતર, અશુભ, શુભ શુભતર, શુભતમ બની ઉચ્ચ અવસ્થામાં આવે છે.

અવસર્પિણી-ઉત્સર્પિણીનું એક કાળચક્ર વીસ ક્રોડક્રોડી સાગરોપમનું છે. કરોડને કરોડથી ગુણતા જે રાશિ આવે તે ક્રોડાક્રોડી કહેવાય છે. સાગરોપમ ઉપમા કાળ છે. એક યોજનના લાંબા, પહોળા, ઊંડા પલ્યને (ખાડાને) વધુમાં વધુ ૭ દિવસના બાળકના વાળના અગ્રભાગથી એવા ઠાંસી-ઠાંસીને ભરવામાં આવે કે અગ્નિ તેને બાળી ન શકે, પાણી તેને ભીંજવી ન શકે. આ રીતે ભરેલા તે પલ્યમાંથી સો-સો વર્ષે એક વાળના એક ટુકડાને કાઢવામાં આવે તો જેટલા સમયમાં તે પલ્ય વાળથી શૂન્ય થાય, તેટલા કાળને પલ્યોપમ કહે છે અને તેવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે.

**સુષમસુષમા નામનો કાળ વિભાગ (આરો) -**

અવસર્પિણીનો પહેલો અને ઉત્સર્પિણીનો છટ્ઠો આરો સુષમસુષમા અર્થાત્ અત્યંત સુખમય હોય છે. આ આરો ચાર ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે. આ કાળમાં ભૂમિ સમ હોય છે અને વૃક્ષો, લતાઓ, ફળ, ફૂલો અને સુંદર વનસ્પતિથી શોભાયમાન હોય છે. તે સમયના મનુષ્યો સર્વાંગ સુંદર હોય છે. તે સમયમાં માનવીને ત્રણ દિવસે આહારની ઈચ્છા થાય છે. તે કાળમાં પૃથ્વી ખાંડ, સાકર કરતાં વધુ મીઠી હોય છે. તે કાળમાં અસિ–યુદ્ધકળા, મસિ–લેખનકળા અને કૃષિ–ખેતી કળા આદિ કળાઓ (કાર્ય) હોતા નથી. દશ પ્રકારના કલ્પવૃક્ષ દ્વારા જીવનની સર્વ જરૂરિયાતો પૂર્ણ થાય છે. તે સમયે ડાંસ, મચ્છર જેવા ક્ષુદ્ર જંતુઓ અને સિંહ જેવા વન્યપશુઓ તથા સર્પ વગેરે જીવો ઉપદ્રવ રહિત હોય છે. તેઓ પ્રકૃતિથી ભદ્ર હોય છે. ગાય, બળદ વગેરે પશુઓનું મનુષ્યને કોઈ પ્રયોજન હોતું નથી. તે આરામાં મનુષ્યનું આયુષ્ય ત્રણ પલ્યોયમનું, અવગાહના (ઊંચાઈ) ત્રણ ગાઉની, વજ્રઋષુભનારાચ, સંઘયણ, સમચતુરસ્ર સંસ્થાન હોય

છે. તે કાળ વિભાગમાં મનુષ્યના શરીરમાં ૨૫૬ પાંસળીઓ હોય છે અને આયુષ્યના છ માસ બાકી હોય ત્યારે એક બાળક-બાળકીને જોડલે જન્મ આપે છે. ૪૯ દિવસ જ માતા-પિતા તેમનું લાલન-પાલન કરે છે, ત્યાર પછી તેઓ યુવાનીને પ્રાપ્ત થઈ જાય છે અને પતિ-પત્ની રૂપે જીવન વ્યતીત કરે છે. વર્તમાન આયુષ્યના છ માસ શેષ હોય ત્યારે તે યુગલિક મનુષ્યો દેવ આયુષ્યનો બંધ કરી, આયુષ્ય પૂર્ણ કરી દેવપણે ઉત્પન્ન થાય છે.

**સુષમા નામનો કાળ વિભાગ :** અવસર્પિણીનો બીજો અને ઉત્સર્પિણીનો પાંચમો આરો સુષમા અર્થાત્ સુખમય હોય છે. આ આરો ત્રણ ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે. આ કાળમાં મનુષ્યોનું આયુષ્ય બે પલ્યોપમનું, ઊંચાઈ બે ગાઉની, શરીરમાં ૧૨૬ પાંસળીઓ હોય છે. સંતાનનું પાલન ૬૪ દિવસ કરે છે. બે દિવસે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે. શેષ વર્ણન પ્રથમ આરા પ્રમાણે જાણવું.

**સુષમદુષમા નામનો કાળ વિભાગ :** અવસર્પિણીનો ત્રીજો અને ઉત્સર્પિણીનો ચોથો આરો સુષમદુષમા અર્થાત્ અધિક સુખ અને અલ્પ દુ:ખમય હોય છે. આ આરો બે ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે. તેના ત્રણ વિભાગમાંથી પ્રથમના બે વિભાગના મનુષ્યોનું આયુષ્ય એક પલ્યોપમ, ઊંચાઈ એક ગાઉ, શરીરમાં ૬૪ પાંસળીઓ હોય છે. તેઓ સંતાનનું પાલન ૭૯ દિવસ કરે છે. એકાંતર દિવસે આહારની ઈચ્છા થાય છે. શેષ વર્ણન પ્રથમ આરા જેવું જાણવું. આ બંને વિભાગમાં સુખ જ હોય છે.

ત્રીજા આરાના અંતિમ ત્રીજા વિભાગના પ્રારંભમાં મિશ્રકાળ હોય છે અને આ ત્રીજા વિભાગના અંતમાં યુગલધર્મ સમાપ્ત થઈ જાય છે. તે સમયે લોકો દુ:ખનો અનુભવ કરે છે, તેથી ત્રીજા આરામાં અલ્પાંશે દુ:ખ કહ્યું છે. ત્રીજા આરાના ત્રીજા વિભાગના આઠમા ભાગમાં પુદ્ગલના વર્ણાદિ ગુણોની અક્રમિક, અનિશ્ચિતરૂપે શીઘ્ર અતિ હાનિ થાય છે. યુગલ વ્યવસ્થામાં ફેરફાર થવા લાગે છે. આ આરાનો ૮૪

લાખ પૂર્વ જેટલો સમય શેષ હોય ત્યારે યુગલકાળ સમાપ્ત થઈને કર્મભૂમિકાળ શરૂ થાય છે. મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે, મનુષ્યો છ સંઘયણ, છ સંસ્થાનવાળા થાય છે.

ત્રીજા આરાના ત્રીજા વિભાગના એક પલ્યોપમ જેટલો કાળ શેષ હોય ત્યારે કુલકર થાય છે. આ અવસર્પિણીકાળમાં પંદર કુલકર થયા. યુગલિકના કુલ (સમૂહ)ના અધિપતિને કુલકર કહે છે. આ સમયે કલ્પવૃક્ષની સંખ્યા અને ફળ આપવાની શકિત ઘટવા લાગે છે અને યુગલિકોમાં લોભ તથા મમત્વ ભાવની વૃદ્ધિ થવા લાગે છે. તેઓ કલ્પવૃક્ષ ઉપર માલિકી જમાવવા પ્રયત્નશીલ બની જાય છે અને તેના કારણે તેઓ વચ્ચે કલહ શરૂ થઈ જાય છે. કુલકર તેઓના વિવાદ અને કલહને દૂર કરી શાંતિ સ્થાપે છે.

ત્રીજા આરાના સાધિક ૮૪ લાખ પૂર્વ શેષ હતા ત્યારે નાભિકુલકર અને મરુદેવા માતાની કુક્ષીએ યુગલ રૂપે પ્રથમ તીર્થંકર ૠષભદેવ સ્વામીનો જન્મ

થયો. યુગલિક કાળમાં કોઈ રાજા ન હતા. કુલકરના સમયમાં પણ રાજયવ્યવસ્થા ન હતી. ઋષભદેવ અભિષેક કરાયેલા પ્રથમ રાજા થયા. ઋષભ રાજાએ અસિ, મસિ, કૃષિ આદિ ૧૦૦ કળાઓ શીખવાડી, ઋષભરાજાને ૧૦૦ પુત્ર અને બે પુત્રીની પ્રાપ્તિ થઈ. ઋષભદેવ ૨૦ લાખ પૂર્વ રાજકુમારાવસ્થામાં રહ્યા, ૬૩ લાખ પૂર્વ રાજા રૂપે રહ્યા, આ રીતે ૮૩ લાખ પૂર્વ ગૃહવાસમાં રહી ૪૦૦૦ પુરુષ સહિત સિદ્ધાર્થવન ઉદ્યાનમાં છઠ ઉપવાસ સહિત દીક્ષા અંગીકાર કરી. ૧૦૦૦ વર્ષનો સાધનાકાળ વ્યતીત થતાં પ્રભુને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થઈ અને ઋષભદેવસ્વામીએ અવસર્પિણીકાળના પ્રથમ તીર્થની સ્થાપના કરી. ઋષભદેવસ્વામીને ૮૪ ગણધરો, ૮૪૦૦૦ શ્રમણો અને ૩,૦૦,૦૦૦ શ્રમણીઓનો પરિવાર થયો. ભગવાન ઋષભદેવસ્વામી એક હજાર વર્ષ ન્યૂન એક લાખ પર્યંત કેવળી પણ વિચરીને ત્રીજા આરાના ત્રણ વર્ષ અને સાડા આઠ માસ શેષ રહ્યા ત્યારે અષ્ટાપદ પર્વત ઉપરથી નિર્વાણને પ્રાપ્ત થયા.

શક્રેન્દ્રએ પ્રભુના પાર્થિવ દેહને ક્ષીરસમુદ્રના જલથી સ્નાન કરાવ્યું, દેવદુષ્ય ધારણ કરાવીને શિબિકા દ્વારા ગોશીર્ષ ચંદનની ગોળ ચિત્તા ઉપર સ્થાપિત કરી અંતિમ ક્રિયા કરી. આ આરામાં અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર અને પ્રથમ ચક્રવર્તી તથા ઉત્સર્પિણી કાળના અંતિમ તીર્થંકર અને અંતિમ ચક્રવર્તી થાય છે.

**દુષમસુષમા નામનો કાળ વિભાગ :**

અવસર્પિણીનો ચોથો અને ઉત્સર્પિણીનો ત્રીજો આરો અધિક દુઃખ અને અલ્પ સુખમય હોય છે. આ આરો ૪૨૦૦૦ વર્ષ ન્યૂન એક ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે. આ આરામાં મનુષ્યનું આયુષ્ય પ્રારંભમાં ક્રોડપૂર્વનું અને અંત ભાગમાં સાધિક ૧૦૦ વર્ષનું, ઊંચાઈ ૫૦૦ ધનુષ્ય અને ઉતરતા આરે ૭ હાથની, છ સંઘયણ, છ સંસ્થાન હોય છે. આ આરાના મનુષ્યો નરક, તિર્યંચ, મનુષ્ય, દેવગતિ અને સિદ્ધગતિને પ્રાપ્ત કરી શકે છે.

આ આરામાં અવસર્પિણીકાળ તથા ઉત્સર્પિણીકાળના શેષ ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી, ૯

બળદેવ અને ૯ વાસુદેવ થાય છે. આ આરાના ૩ વર્ષ અને ૮ાા માસ શેષ હોય ત્યારે અવસર્પિણીના અંતિમ તીર્થંકર નિર્વાણ પામે છે અને ઉત્સર્પિણીના પ્રથમ તીર્થંકર જન્મ ધારણ કરે છે.

**દુષમા નામનો કાળ વિભાગ :**

અવસર્પિણીનો પાંચમો અને ઉત્સર્પિણીનો બીજો આરો દુઃખમય હોય છે. આ આરો ૨૧,૦૦૦ વર્ષનો હોય છે. આ આરામાં મનુષ્યનું આયુષ્ય પ્રારંભમાં ૧૦૦ વર્ષ, ઉતરતા આરે ૨૦ વર્ષ, ઊંચાઈ પ્રારંભમાં ૭ હાથની, ઉતરતા આરે એક હાથની હોય છે. આ કાળમાં હિંસા, અનૈતિકતા વગેરે દુર્ગુણોની વૃદ્ધિ અને ક્ષમા, અહિંસા વગેરે ગુણોની હાનિ થાય છે. આ કાળમાં જન્મેલા મોક્ષગતિને પામી શકતા નથી. આ આરાના અંતિમ ત્રીજા ભાગમાં સામાજિક વ્યવહારો, સર્વ ધર્મો, રાજયવ્યવસ્થા, અગ્નિ આદિનો નાશ થાય છે.

**દુષમદુષમા નામનો કાળ વિભાગ :**

અવસર્પિણીનો છટ્ઠો અને ઉત્સર્પિણીનો પહેલો આરો અતિ દુઃખમય હોય છે. આ આરો ૨૧,૦૦૦

વર્ષનો હોય છે. આ આરામાં મનુષ્યોનું ૧૬ થી ૨૦ વર્ષનું આયુષ્ય, ૧ હાથની ઊંચાઈ, દુર્બળ સંઘયણ, સંસ્થાનવાળા હોય છે. આ આરામાં અરસ-વિરસ, સાજી, કરીષ, ખાટા રસવાળા પાણીની, અગ્નિ જેવા દાહક પાણીની, વિષમય પાણીની અને પર્વતોને ભેદી નાંખે તેવા વજ્ર જેવા પાણીની વર્ષા થાય છે, વસ્તુનો નાશ કરે તેવો ભયંકર વાયરો વાય છે. ગામ, નગરાદિ સ્થાનો નાશ પામે છે. વૈતાઢ્યપર્વત સિવાયના પર્વતો નાશ પામે છે. ગંગા-સિંધુ નદીમાં ગાડાની ધરી ડૂબે તેટલું પાણી રહે છે. ધનધાન્યાદિનો નાશ થાય છે. મનુષ્યો વૈતાઢ્ય પર્વતનો આશ્રય કરી ૭૨ બિલોમાં રહે છે. મચ્છ, કચ્છ વગેરે જલચર જીવોનો આહાર કરે છે. આ આરાના મનષ્યો પ્રાયઃ નરક અને તિર્યંચગતિ પ્રાપ્ત કરે છે.

ઉત્સર્પિણીકાળમાં આ આરાના અંતભાગમાં પૃથ્વીની દાહકતા શામક પાણીની, શુભવર્ણાદિ ઉત્પાદક, સ્નિગ્ધતા ઉત્પાદક, વનસ્પતિસર્જક અને વનસ્પતિમાં પાંચ પ્રકારના રસ ઉત્પન્ન કરે તેવી વર્ષા

થાય છે. તેના પરિણામે વનસ્પતિ ધાન્યાદિ ઉગવાથી મનુષ્યો માંસાહારનો ત્યાગ કરી શાકાહરી બને છે.

## ત્રીજો વક્ષસ્કાર

ભરત ક્ષેત્રમાં પ્રત્યેક ઉત્સર્પિણી–અવસર્પિણી કાળમાં બાર–બાર ચક્રવર્તી થાય છે. જે વ્યકિત દેવાધિષ્ઠિત ચક્રને અનુસરતા ભરતક્ષેત્રના છ ખંડ ઉપર વિજય મેળવી, તેનું આધિપત્ય ભોગવે તે ચક્રવર્તી કહેવાય છે. તેઓ ૧૪ રત્ન, ૯ નિધિ અને સંપૂર્ણ ભરત ક્ષેત્રના સ્વામી હોય છે.

ચક્રવર્તી ઉત્તમ જાતિ, ગોત્ર અને રાજકુળમાં જ જન્મ ધારણ કરે છે. ચક્રવર્તીના માતા તીર્થંકરના માતાની જેમ ૧૪ મહાસ્વપ્ન જુએ છે, પરંતુ તીર્થંકરના માતા કરતાં તેમના સ્વપ્ન ઝાંખા હોય છે. ચક્રવર્તી કળાચાર્યની હાજરી માત્રથી શસ્ત્ર, શાસ્ત્ર અને સમસ્ત કળાઓમાં વિશારદ બની જાય છે. તેઓ ઉત્તમ સંઘયણ, સંસ્થાન અને ૧૦૦૮ ઉત્તમ લક્ષણોના ધારક હોય છે. ૨૦૦૦ દેવો તેના અંગરક્ષક હોય છે.

ચક્રવર્તી યોગ્ય સમયે રાજગાદી ઉપર આવે છે

અને રાજા બને છે. ચક્રવર્તીની આયુધશાળામાં ચક્રરત્ન પ્રગટ થાય, ત્યારે ચક્રવર્તી તેની પૂજા કરી મહોત્સવ ઉજવે છે. તત્પશ્ચાત્ દિવ્ય ચક્રરત્ન શાસ્ત્રાગારમાંથી બહાર નીકળે છે. તે આકાશ માર્ગે આગળ ચાલે છે. ચક્રને અનુસરતા રાજાની ચતુરંગિણી સેના તેની પાછળ –પાછળ ચાલે છે. દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રના મધ્યખંડમાં રહેલી ચક્રવર્તીની નગરીમાંથી તેઓ પ્રયાણ કરે છે અને એક–એક યોજનના અંતરે પડાવ કરતાં આગળ વધે છે.

ચક્રવર્તી જે જે ક્ષેત્રમાં વિજય માટે જાય છે, તે તે ક્ષેત્રના અધિષ્ઠાયક દેવ–દેવીઓને અટ્ઠમ તપની આરાધના કરીને, પોતાને આધીન બનાવે છે અને તે ક્ષેત્ર ઉપર વિજય મેળવે છે.

ચક્રવર્તી માગધતીર્થ, વરદામતીર્થ અને પ્રભાસતીર્થ, આ ત્રણ તીર્થના અધિપતિ દેવને, ગંગા અને સિંધુનદીના અધિષ્ઠાયિકા ગંગાદેવી અને સિંધુદેવીને, વૈતાઢ્ય પર્વતના અધિષ્ઠાયક વૈતાયગિરિકુમારદેવ અને ચુલ્લ–હિમવંતગિરિ પર્વતના

અધિષ્ઠાયક ચુલ્લ-હિમવંતગિરિદેવને, ખંડપ્રપાતગુફા અને તિમિસ્રા ગુફાના અધિષ્ઠાયક નૃતમાલદેવ અને કૃતમાલદેવને, વિદ્યાધર રાજાને તથા નવનિધિને અધીનસ્થ બનાવવા અટ્ઠમની આરાધના કરે છે. તે ઉપરાંત રાજય પ્રવેશ અને ચક્રવર્તીપણાના અભિષેક સમયે અટ્ઠમ કરે છે. આ રીતે ચક્રવર્તી વિજયયાત્રા દરમ્યાન ૧૩ અટ્ઠમ કરે છે અને બે ગુફાના દ્વાર ખોલવા સેનાપતિ બે અટ્ઠમ કરે છે. ભરતક્ષેત્રના છ ખંડ ઉપર વિજય મેળવવા કુલ ૧૫ અટ્ઠમ કરવામાં આવે છે. ચક્રવર્તી ચક્રરત્નાદિના કારણે ભરતક્ષેત્રના સમ્રાટ બને છે.

**૧. ચક્રરત્ન** : તે આકાશ માર્ગે ચાલીને ચક્રવર્તીને માર્ગ બતાવે અને વિજય અપાવે છે. શત્રુને હણીને પછી જ ચક્રી પાસે પાછું આવે, તે સ્વગોત્રીને ન હણે.

**૨. દંડરત્ન** : તે ભૂમિને સમ કરે, ગુફાના દ્વાર ખોલે છે. ચક્રવર્તીના જીવનકાળ સુધી તે દ્વાર ખુલ્લા રહે છે. દંડરત્ન મનોરથપૂરક અને શાંતિકર હોય છે.

**૩. અસિરત્ન** : અસિ-તલવાર શત્રુનો નાશ કરે છે,

પહાડાદિને ભેદે છે અને વિજય અપાવે છે.
**૪. છત્ર રત્ન :** તે વૃષ્ટિ, વાયુ અને તાપથી ચક્રી તથા ચક્રવર્તીની સેનાનું રક્ષણ કરે છે. તે શીતકાળે ગરમી, ઉષ્ણકાળે શીતળતા આપે છે. ચક્રીના સ્પર્શથી સાધિક બાર યોજન વિસ્તૃત થાય છે.
**૫. ચર્મરત્ન :** તે નાવાકાર રૂપે પરિણમી સૈન્યને નદીઓ પાર કરાવે છે. તે વિવિધ આકાર ધારણ કરી શકે છે. ચક્રીના સ્પર્શે તે સાધિક બાર યોજન વિસ્તૃત થાય છે. ચર્મરત્ન અને છત્રરત્નથી સંપુટાકાર બને છે, તેમાં સૈન્યનું રક્ષણ થાય છે.
**૬. મણિરત્ન :** તે તત્કાલ ઉદિત સૂર્ય જેવો દિવ્ય પ્રકાશ કરે છે. ભયનું નિવારણ કરે છે. તે સર્વ દુઃખનું હરણ કરે, આરોગ્ય પ્રદાન કરે અને યૌવનને સ્થિર રાખે છે.
**૭. કાકણિરત્ન :** તેના દ્વારા દોરેલી રેખાઓ દીર્ઘકાળ પર્યંત સૂર્ય જેવો પ્રકાશ આપે છે. તેના દ્વારા વૈતાઢય પર્વતની બંને ગુફાઓની દિવાલ પર ચક્રવર્તી ૪૯ મંડળ દોરે છે અને તેના પ્રકાશ દ્વારા ગુફાઓ પ્રકાશિત

રહે છે.
**૮. સેનાપતિરત્ન :** યુદ્ધનું સંચાલન કરે, નિષ્કૂટની વિજયયાત્રા કરે છે. તે સર્વ લિપિ, સર્વ સ્થાન, યુદ્ધ વ્યૂહાદિના જ્ઞાતા હોય છે.
**૯. ગાથાપતિ રત્ન :** તે અન્નભંડારના અધિપતિ છે. ભોજય સામગ્રી નિષ્પન્ન કરે છે, ધાન્યને શીઘ્ર ઉગાડે છે. તે સવારે વાવેલા ધાન્યને સાંજે ઉગાડી શકે છે.
**૧૦. વર્ધકીરત્ન :** તે વાસ્તુ શાસ્ત્રાનુસાર ગ્રામ, પુલ, પડાવ વગેરેનું નિર્માણ કરે છે. મુહૂર્ત માત્રમાં નગરાદિની રચના કરી શકે છે.
**૧૧. પુરોહિત રત્ન :** તે શાંતિ કર્મ કરે, પુરોહિતનું કામ કરે છે. તે જયોતિષ વિદ્યા, મંત્ર-તંત્રમાં પારંગત હોય છે.
**૧૨. ગજરત્ન :** ચક્રવર્તી તેના ઉપર સવારી કરે છે. યુદ્ધમાં વિજય અપાવે છે.
**૧૩. અશ્વરત્ન :** નિષ્કૂટ (ખૂણાના વિભાગ) ઉપર વિજય માટે સેનાપતિ તેના ઉપર સવારી કરે છે.

સેનાપતિને વિજય અપાવે છે. તે પાણી, કમળતંતુ ઉપર પણ ચાલી શકે છે. તે અલ્પ ક્રોધી, કુચેષ્ટાઓથી રહિત હોય છે.

**૧૪. સ્ત્રી રત્ન :** તે ચક્રવર્તીની મુખ્ય પટ્ટરાણી હોય છે. તે અવસ્થિત યૌવનયુકત, ભોક્તાના બળની વૃદ્ધિ કરે છે. તેના સ્પર્શથી સર્વ રોગ શાંત થાય છે. તેનો સ્પર્શ શીતકાળમાં ઉષ્ણ અને ઉષ્ણકાળમાં શીત હોય છે.

**આ ચૌદ રત્નોની રક્ષા એક-એક હજાર દેવો કરે છે.**

પ્રથમના સાત રત્ન પૃથ્વીકાયમય, એકેન્દ્રિય રત્નો છે. અંતિમના સાત પંચેન્દ્રિય રત્નોમાં ગજરત્ન અને અશ્વરત્ન તિર્યંચ છે. શેષ પાંચ રત્નો મનુષ્ય છે. ચક્રવર્તી ચૌદરત્નો, નવનિધિઓ, ૧૬,૦૦૦ દેવો, ૩૨,૦૦૦ રાજાઓ, ૩૨,૦૦૦ ૠતુકલ્યાણિકા સ્ત્રીઓ (રાજકન્યાઓ), ૩૨,૦૦૦ હજાર જનપદ કલ્યાણિકા (અગ્રણીજન કન્યા), બત્રીસ પાત્રોવાળી ૩૨,૦૦૦ નાટક મંડળીઓ, ૩૬૦ રસોઈયાઓ, ૩૨,૦૦૦ જનપદદેશ અને ઉત્તર દિશામાં ચુલ્લહિમવંત પર્વત,

શેષ ત્રણ દિશામાં લવણસમુદ્ર સુધીના સંપૂર્ણ ભરતક્ષેત્રના અધિપતિ બને છે.

આ અવસર્પિણી કાળમાં ઋષભદેવસ્વામીના પુત્ર ભરત, પ્રથમ ચક્રવર્તી થયા. ભરત ચક્રી અરિસાભુવનમાં પોતાના પ્રતિબિંબને નિહાળતાં–નિહાળતાં શુભ પરિણામ, પ્રશસ્ત અધ્યવસાય અને શુદ્ધ ચિંતનધારા ઉપર ચડી જતાં કેવળજ્ઞાનને પ્રાપ્ત થયા. એક લાખ પૂર્વ સુધી કેવલ પયાર્યમાં વિચરી, ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી, એક મહિનાનો સંથારો કરી સિદ્ધગતિને પામ્યા.

## ચોથો વક્ષસ્કાર

જંબૂદ્વીપમાં સાત ક્ષેત્રો છે અને આ ક્ષેત્રોને વિભાજિત કરતાં ૬ વર્ષધર પર્વતો છે. જંબૂદ્વીપમાં દક્ષિણ દિશાથી શરૂ કરી ક્રમશઃ ભરતક્ષેત્ર, ચુલ્લહિમવંત પર્વત, હેમવયક્ષેત્ર, મહાહિમવંતપર્વત, હરિવર્ષક્ષેત્ર, નિષધપર્વત, મહાવિદેહક્ષેત્ર, નીલવાનપર્વત, રમ્યકવર્ષક્ષેત્ર, રુકિમપર્વત, હેરણ્યવયક્ષેત્ર, શિખરીપર્વત અને ઉત્તરમાં ઐરવતક્ષેત્ર

છે. ચુલ્લહિમવંત પર્વતના પદ્મદ્રહમાંથી ત્રણ નદીઓ નીકળે છે, ગંગાનદી અને સિંધુનદી ભરતક્ષેત્રમાં અને રોહિતાંશા નદી હેમવય ક્ષેત્રમાં વહે છે. તે જ રીતે શિખરીપર્વતના પુંડરીક દ્રહમાંથી ત્રણ નદીઓ નીકળે છે. તેમાંથી રક્તા અને રક્તવતી નદી ઐરવતક્ષેત્રમાં અને સુવર્ણકૂલા નદી હૈરણ્યવયક્ષેત્રમાં વહે છે. વર્ષધર પર્વતો ઉપર એક-એક મહાદ્રહ (સરોવર) છે. તેની અધિષ્ઠાયિકા દેવીઓ છે. શેષ ચાર વર્ષધર પર્વતના દ્રહમાંથી બે-બે નદીઓ વહે છે અને તેમાંથી એક નદી પર્વતની દક્ષિણ દિશાના ક્ષેત્રમાં અને બીજી નદી પર્વતની ઉત્તર દિશાના ક્ષેત્રમાં વહે છે. આ રીતે છ વર્ષધર પર્વતોની ૧૪ નદીઓ, સાત ક્ષેત્રમાં નદીઓ વહીને લવણસમુદ્રને મળે છે.

મહાવિદેહક્ષેત્રમાં ગજદંતાકાર (હાથી દાંત જેવા આકારવાળા) ચાર પર્વતો ઉત્તરકુરુ ક્ષેત્ર અને દેવકુરુ ક્ષેત્રને મહાવિદેહક્ષેત્રથી ભિન્ન કરે છે.

ઉત્તરકુરુ-દેવકુરુ ક્ષેત્રમાં સીતા-સીતોદા નદી ઉપર પાંચ-પાંચ દ્રહ (સરોવર) છે. તે પાંચે

સરોવરના બંને કિનારે ૨૦-૨૦ કાંચનક પર્વતો છે. ઉત્તરકુરુક્ષેત્રમાં સીતાનદીની પૂર્વ દિશામાં જંબૂદ્વીપના અધિષ્ઠાતા અનાઝ્રત દેવના નિવાસસ્થાન રૂપ જંબૂસુદર્શન નામનું પૃથ્વીકાયમય, શાશ્વતું વૃક્ષ છે. આ વૃક્ષના નામથી આ દ્વીપ જંબૂદ્વીપ કહેવાય છે. દેવકુરુક્ષેત્રમાં સીતોદા નદીથી પશ્ચિમ દિશામાં કૂટશાલ્મલી નામનું પૃથ્વીમય વૃક્ષ છે.

૧૬ વક્ષસ્કાર પર્વતો અને ૧૨ અંતરનદીઓ મહાવિદેહ ક્ષેત્રને ૩૨ વિજય (ક્ષેત્ર)માં વિભકત કરે છે. મેરુપર્વતથી પૂર્વદિશાના પૂર્વમહાવિદેહ ક્ષેત્રમાં વહેતી સીતા નદીની ઉત્તરમાં વક્ષસ્કાર પર્વત, વિજય, અંતરનદી, વિજય, વક્ષસ્કાર પર્વત, વિજય, આ રીતે ૪ વક્ષસ્કાર પર્વત અને ૩ અંતરનદીના કારણે ઉત્તરવર્તી પૂર્વમહાવિદેહ આઠ વિજયમાં વિભકત થાય છે. દક્ષિણદિશાવર્તી પૂર્વમહાવિદેહ તથા ઉત્તર અને દક્ષિણ દિશાવર્તી પશ્ચિમ મહાવિદેહક્ષેત્ર આઠ-આઠ વિજયમાં વિભકત થાય છે.

મહાવિદેહક્ષેત્રની આ બત્રીસે બત્રીસ વિજયમાં

વૈતાઢયપર્વત અને બે નદીઓ છે અને તેના કારણે તેના ભરતક્ષેત્રની જેમ છ–છ ખંડ થાય છે. તે વિજયના ચક્રવર્તી છ ખંડ ઉપર વિજય મેળવે છે. મહાવિદેહ ક્ષેત્રની આ ૩૨ વિજયમાં ઓછામાં ઓછા ચાર અને વધુમાં વધુ ૩૨ તીર્થંકરો હોય છે.

જંબૂદ્વીપ અને મહાવિદેહ ક્ષેત્રની બરાબર મધ્યમાં મેરુ નામનો પર્વત છે. તે ૯૯,૦૦૦ યોજન ઊંચો અને ૧,૦૦૦ યોજન જમીનમાં ઊંડો છે. તે ૧૦,૦૦૦ યોજન પહોળો છે, તેની પહોળાઈ ઉપર જતાં ઘટતાં–ઘટતાં સૌથી ઉપર તેની પહોળાઈ ૧,૦૦૦ યોજનની રહે છે. તેના ઉપર ૪૦ યોજન ઊંચી મેરુપર્વતની ચૂલિકા છે. આ પર્વતના મંદર, મેરુ, મનોરમ, સુદર્શન, સ્વયંપ્રભુ, ગિરિરાજ, રત્નોચ્ચય, શિલોચ્ચય, લોકમધ્ય, લોકનાભિ, અચ્છ, સૂર્યાવર્ત, સૂર્યાવરણ, ઉત્તમ, દિગાદિ, અવતંસ, આ સોળ નામ પ્રસિદ્ધ છે.

મેરુપર્વતની તળેટીના ભૂમિભાગમાં ભદ્રશાલ નામનું વન છે. આ વન મેરુપર્વતની પૂર્વ અને પશ્ચિમ

બંને તરફ તે ૨૨,૦૦૦–૨૨,૦૦૦ યોજન સુધી ફેલાયેલું છે. આ વનમાં પુષ્કરિણી (વાવડી)ઓ છે. શક્રેન્દ્ર–ઈશાનેન્દ્રના મહેલો, હાથીના આકારવાળા કૂટ (પર્વતો) છે. મેરુપર્વતની ૫૦૦ યોજનની ઊંચાઈએ નંદનવન છે. ૬૩,૦૦૦ યોજનની ઊંચાઈએ સોમનસ નામનું વન છે અને ૯૯૦૦૦ યોજનની ઊંચાઈએ પંડકવન છે. આ વનમાં તીર્થંકર પરમાત્માના જન્માભિષેક માટેની ચાર અભિષેક શિલાઓ છે. ચારે દિશામાં વનના સીમાંતે આ શિલાઓ અર્ધચંદ્રાકારે સ્થિત છે. પૂર્વ–પશ્ચિમની શિલા ઉપર બે–બે અને ઉત્તર–દક્ષિણની શિલા પર એક–એક સિંહાસન છે.

પૂર્વદિશાના ઉત્તરવર્તી સિંહાસન ઉપર ૧ થી ૮ વિજયના તીર્થંકરનો, પૂર્વદિશાના દક્ષિણવર્તી સિંહાસન ઉપર ૯ થી ૧૬ વિજયના તીર્થંકરનો જન્માભિષેક થાય છે. તે જ રીતે પશ્ચિમ દિશાના દક્ષિણી સિંહાસન ઉપર ૧૭ થી ૨૪ અને પશ્ચિમદિશાના ઉત્તરી સિંહાસન ઉપર ૨૫ થી ૩૨ વિજયના તીર્થંકરનો જન્માભિષેક થાય છે. ઉત્તર અને

દક્ષિણ દિશાના સિંહાસન ઉપર ઐરવત અને ભરતક્ષેત્રના પ્રભુનો જન્માભિષેક થાય છે.

ભરત, ઐરવત અને મહાવિદેહક્ષેત્ર, આ ત્રણ કર્મભૂમિના ક્ષેત્રો છે અને હેમવય, હેરણ્યવય, હરિવર્ષ, રમ્યક્વર્ષ, દેવકુરુ, ઉત્તરકુરુ આ છ અકર્મભૂમિના ક્ષેત્રો છે.

જયાં યુદ્ધકળા, લેખનકળા, ખેતીકળા વગેરે હોય, મોક્ષે જઈ શકાય તેવું ક્ષેત્ર કર્મભૂમિ કહેવાય છે. જયાં યુદ્ધાદિ કળા ન હોય, મોક્ષગમન ન હોય, કલ્પ વૃક્ષથી જ જીવન નિર્વાહ થતો હોય, તે અકર્મભૂમિ કહેવાય છે. ભરત– ઐરવત સિવાયના ક્ષેત્રોમાં કાળનું પરિવર્તન નથી. ત્યાં એક સરખો કાળ હોય છે. ઉત્તરકુરુ – દેવકુરુમાં સુષમસુષમા આરા જેવા ભાવ વર્તે છે. હેમવય–હેરણ્યવયમાં સુષમા આરા જેવા, હરિવર્ષ– રમ્યકવર્ષમાં સુષમદુષમા આરા જેવા અને પૂર્વ મહાવિદેહ–પશ્ચિમ મહાવિદેહમાં દુષમસુષમા આરા જેવા ભાવ વર્તે છે. ભરત અને ઐરવત ક્ષેત્રમાં છ–છ આરાનું પરિવર્તન થયા કરે છે.

## પાંચમો વક્ષસ્કાર

ભરતક્ષેત્ર, ઐરવત ક્ષેત્ર કે મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર પ્રભુ જન્મ ધારણ કરે ત્યારે ૫૬ દિક્કુમારીકાઓ પ્રભુનો જન્મ ઉત્સવ ઉજવવા અને સૂતિકા કર્મ કરવા આવે છે. તે દિક્કુમારીકાઓ પોતાના વિશાળ પરિવાર સાથે દિવ્ય યાનમાં મધ્યલોકમાં આવીને વિમાન દ્વારા જ તીર્થંકર પ્રભુના જન્મભવનને ત્રણવાર પ્રદક્ષિણા કરી, વિમાનમાંથી નીચે ઉતરી, પ્રભુની માતાને વંદન–સ્તુતિ કરી, માતાને ભય ન લાગે, તે માટે પોતાનો પરિચય આપી, પોતાના કાર્યની જાણ કરે છે.

અધોલોકવાસી આઠ દિક્કુમારિકાઓ વાયુનું રૂપ ધારણ કરી પ્રભુના જન્મભુવનની ચારેબાજુના એક યોજન ક્ષેત્રને સ્વચ્છ અને સાફ કરે છે. ઊર્ધ્વલોકવાસી આઠ દિક્કુમારિકાઓ મેઘનું રૂપ ધારણ કરી ઝરમર–ઝરમર વર્ષા કરે છે અને એક યોજનની ભૂમિને ઉપશાંત રજવાળી બનાવે તથા અચેત પુષ્પની વૃષ્ટિ કરે છે. પૂર્વરૂચકકૂટવાસી આઠ દિક્કુમારીકાઓ

હાથમાં દર્પણ લઈને પૂર્વદિશામાં, દક્ષિણરૂચકકૂટવાસી આઠ દિક્કુમારીકાઓ હાથમાં ઝારી લઈને દક્ષિણ દિશામાં, પશ્ચિમરૂચકકૂટવાસી આઠ દિક્કુમારીકાઓ હાથમાં વીંઝણો લઈને પશ્ચિમદિશામાં, ઉત્તરરૂચકકૂટવાસી આઠ દિક્કુમારિકાઓ હાથમાં ચામર લઈને ઉત્તરદિશામાં, અને વિદિશા રૂચકકૂટવાસી ચાર દિક્કુમારિકાઓ હાથમાં દીપક લઈને વિદિશામાં ઊભી રહે છે. મધ્યરૂચકકૂટવાસી ચાર દિક્કુમારીકાઓ ભગવાનના નાભિનાળનું છેદન કરે છે, ખાડો કરી તેમાં નાભિનાળ દાંટે છે, ખાડાને રત્નોથી પૂરી તેના ઉપર ઓટલો બનાવે છે. ત્યાર પછી તે ઓટલાની પૂર્વ, દક્ષિણ, ઉત્તર આ ત્રણ દિશામાં કદલીગૃહો અને તે કદલીગૃહોની મધ્યમાં ચોશાલા (લંબચોરસ ભવન) અને તેની મધ્યમાં સિંહાસન સ્થાપે છે. તત્પશ્ચાત્ પ્રભુને હાથમાં ગ્રહણ કરીને અને માતાને ભુજાઓ ઉપર ગ્રહણ કરી દક્ષિણી કદલીગૃહના ભવનમાં શતપાકતેલનું માલીશ કરે, પૂર્વી કદલીગૃહના ભવનમાં સ્નાન કરાવી અલંકારોથી

વિભૂષિત કરે, ઉત્તરી ભવનમાં ભગવાનના હાથે રક્ષા પોટલી બાંધે અને તત્પશ્ચાત્ જન્મભવનમાં લાવી માતાને શય્યા ઉપર બેસાડી પ્રભુને માતા પાસે મૂકે છે. તે સમયે શક્રેન્દ્ર અંગસ્ફુરણ (આસન ચલાયમાન) થતાં અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી તીર્થંકર પ્રભુને જોતાં જ આદરપૂર્વક સિંહાસન ઉપરથી ઊભા થઈ પ્રભુની દિશામાં ૭-૮ પગલા આગળ જઈને, જમણાઘૂંટણને ભૂમિ ઉપર સ્થાપી, ડાબા ઘૂંટણને ઊભો રાખીને, નમોત્થુણં મુદ્રામાં બેસીને સ્તુતિ કરે છે. દેવલોકમાંથી જ પ્રભુને વંદન-નમસ્કાર કરે છે. જન્માભિષેક માટે આવવા દેવોને ઉદ્‌ઘોષણા કરાવે છે. દિવ્યયાન દ્વારા મધ્યલોકમાં આવી માતાને તથા પ્રભુને વંદન કરી માતાને ગાઢ નિદ્રામાં પોઢાડીને, શક્રેન્દ્ર પોતાના પાંચ રૂપ બનાવી, પ્રભુને કરસંપુટમાં ગ્રહણ કરે, બે બાજુથી ચામર ઢોળે, પાછળ રહી છત્ર ધારણ કરે અને વજ્ર લઈ આગળ ચાલતા મેરૂપર્વતના પંડકવનમાં પ્રભુને લાવી અભિષેક શિલા ઉપરના સિંહાસન ઉપર બેસે. ત્યાર પછી ઈશાનેન્દ્રાદિ ૬૩ ઈન્દ્રો ત્યાં આવે છે. સર્વ

પ્રથમ અચ્યુતેન્દ્ર ૧૦૦૮-૧૦૦૮ સોનાના, ચાંદીના, મણિના, સુવર્ણ-ચાંદીના, સુવર્ણ-મણિના, ચાંદી-મણિના, માટીના, ચંદનકાષ્ટના કુલ ૮૦૬૪ કળશો બનાવી મધ્યલોકના સર્વ તીર્થ સ્થાનો, નદીઓ, દ્રહોના જલ મંગાવી તેના દ્વારા પ્રભુને અભિષેક કરે છે. આ રીતે ઈશાનેન્દ્ર પર્યંતના સર્વ ઈન્દ્રો પ્રભુનો અભિષેક કરે છે અને ત્યાર પછી ઈશાનેન્દ્ર પ્રભુને ગ્રહણ કરે છે અને શક્રેન્દ્ર અભિષેક કરે છે અને તત્પશ્ચાત પાંચ રૂપ કરી શક્રેન્દ્ર બાળપ્રભુને માતા સમીપે મૂકી જાય છે.

## છઠ્ઠો વક્ષસ્કાર

આ વક્ષસ્કાર (પ્રકરણ)માં પૂર્વ પ્રકરણમાં વર્ણિત વિષયોનો સંગ્રહ છે. અહીં જંબૂદ્વીપના પર્વત, નદી, કૂટ વગેરેની સંખ્યા માત્રનું કથન છે. લવણ સમુદ્ર જંબૂદ્વીપને ચારે બાજુથી વીંટળાઈને રહ્યો છે, તેથી તેમના અંતિમ પ્રદેશો એક-બીજાને સ્પર્શે છે. જંબૂદ્વીપના ભરત ક્ષેત્ર જેવડા ખંડ કરવામાં આવે તો ખંડ ગણિત અનુસાર ૧૯૦ ખંડ થાય છે. અર્થાત્ જંબૂદ્વીપ ભરતક્ષેત્ર જેવડા ૧૯૦ ખંડ પ્રમાણ છે. ખંડ

(વિભાગ) સંખ્યા દ્વારા જંબૂદ્વીપના એક લાખ યોજનની ગણના કરવાની રીતને ખંડગણિત કહે છે.

જંબૂદ્વીપની મધ્યમાં મહાવિદેહક્ષેત્ર છે. તેની ઉત્તરદિશામાં ત્રણ પર્વત અને ત્રણ ક્ષેત્ર છે. દક્ષિણદિશામાં ત્રણ પર્વત અને ત્રણ ક્ષેત્ર છે. જંબૂદ્વીપમાં દક્ષિણદિશાના અંતમાં ભરતક્ષેત્ર છે. તેના કરતાં ત્યાર પછીના પર્વત અને ક્ષેત્ર બમણા-બમણા વિસ્તારવાળા છે અને ઉત્તરદિશાના અંતમાં આવેલા ઐરવત ક્ષેત્રથી મહાવિદેહ ક્ષેત્ર પર્યંતના પર્વત અને ક્ષેત્ર બમણા-બમણા વિસ્તારવાળા છે. ભરત અને ઐરવત ક્ષેત્ર પ૨૬ યોજન અને ૬ કળા (એક-એક ખંડ) પ્રમાણ છે. ચુલ્લાહિમવંત અને શિખરી પર્વત તેના કરતાં બમણા છે, તેથી તે બે-બે ખંડ પ્રમાણ છે. આ રીતે હેમવય અને હેરણ્યવય ક્ષેત્ર ૪-૪ ખંડ પ્રમાણ, મહાહિમવંતપર્વત અને રુક્મિપર્વત ૮-૮ ખંડપ્રમાણ છે. હરિવર્ષ-રમ્યક્‌વર્ષ ક્ષેત્ર ૧૬-૧૬ ખંડપ્રમાણ, નિષધ-નીલવંત પર્વત ૩૨-૩૨ ખંડ પ્રમાણ અને મહાવિદેહ ક્ષેત્ર-૬૪ ખંડ પ્રમાણ છે. આ

રીતે જંબૂદ્વીપ ૧૯૦ ખંડ પ્રમાણ છે.

જંબૂદ્વીપમાં ૭ વર્ષધર પર્વત, ૧ મેરુપર્વત, દેવકુરુમાં બે ચિત્રકૂટ-વિચિત્રકૂટ પર્વત, ઉત્તરકુરુમાં બે યમકપર્વત, દેવકુરુ-ઉત્તરકુરુ ૨૦૦ કાંચનક પર્વતો, વિજયોને વિભાજિત કરતાં ૧૬ વક્ષસ્કાર પર્વતો અને દેવકુરુ-ઉત્તરકુરુને વિભાજિત કરતાં ૪ ગજદંતાકાર પર્વતો, ૩૨ વિજય અને ભરત-ઐરવતના કુલ ૩૪ વૈતાઢ્ય પર્વતો, હરિવર્ષ, રમ્યક્વર્ષ, હેમવય-હિરણ્યવય ક્ષેત્રના ૪ વૃત્ત વૈતાઢ્ય પર્વત છે. આ રીતે જંબૂદ્વીપમાં કુલ ૨૬૯ પર્વતો છે.

સમુદ્ર કે નદીમાં કિનારેથી અંદર ઉતરવાના માર્ગને તીર્થ કહે છે. ભરત-ઐરવતના માગધ, વરદામ અને પ્રભાસ નામના ત્રણ તીર્થ સમુદ્ર કિનારે છે. મહાવિદેહની ૩૨ વિજયમાં પ્રત્યેક વિજયમાં, આ જ નામના ત્રણ તીર્થ નદી કિનારે છે. આ રીતે જંબૂદ્વીપમાં કુલ - ૧૦૨ તીર્થ છે.

જંબૂદ્વીપમાં કુલ ૯૦ મહાનદીઓ છે, ૭ વર્ષધર પર્વત ઉપરના દ્રહમાંથી નીકળતી ૧૪

મહાનદીઓ અને મહાવિદેહની ૩૨ વિજયમાં વહેતી બે-બે કુલ ૬૪ મહાનદીઓ અને વિજયને વિભાજિત કરતી બાર અંતર નદીઓ, કુલ મળીને ૬૪+૧૨+ ૧૪ = ૯૦ મહાનદીઓ કુંડમાંથી નીકળે છે.

## સાતમો વક્ષસ્કાર

આ વક્ષસ્કારમાં અઢીદ્વીપમાં દિવસ-રાત વગેરે કાળનું સર્જન કરતાં જયોતિષ્ક દેવવિમાનોનું વર્ણન છે. ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા આ પાંચ પ્રકારના જયોતિષ્ક દેવવિમાનો સમપૃથ્વીથી અર્થાત્ આપણી આ પૃથ્વીથી ઊંચે ઊર્ધ્વદિશામાં ૭૯૦ યોજનથી ૯૦૦ યોજન પર્યંતના ક્ષેત્રમાં છે. ૮૦૦ યોજનની ઊંચાઈએ સૂર્યવિમાન, ૮૮૦ યોજનની ઊંચાઈએ ચંદ્રવિમાન, ૭૯૦ થી ૯૦૦ યોજન પર્યંતમાં ગ્રહ-નક્ષત્ર અને તારા વિમાનો અઢીદ્વીપની બહાર સ્થિર છે અને નિયત ક્ષેત્રમાં પ્રકાશ પાથરે છે અને અઢીદ્વીપમાં આ જ ઊંચાઈએ રહેલા પાંચે પ્રકારના જયોતિષ્ક દેવવિમાનો જંબૂદ્વીપના મેરુપર્વતને પ્રદક્ષિણા કરે છે અને તેથી ભિન્ન-ભિન્ન ક્ષેત્રમાં

દિવસ–રાત થાય છે.

ચંદ્ર, સૂર્ય વગેરે મેરુ પર્વતને ગોળાકારે પરિભ્રમણ કરે છે. તેમના પ્રદક્ષિણા કરવાના માર્ગને મંડળ કહેવામાં આવે છે. ચંદ્ર અને સૂર્યના મંડળ સંપૂર્ણ વર્તુળાકારે નથી. તેઓ પરિભ્રમણ કરતાં–કરતાં પોતાના સ્થાનથી દૂર સરકે છે. જલેબીના ગૂંચળાની જેમ તેના મંડળ દૂર–દૂર થતાં જાય છે અને પુનઃ નજીક આવે છે. તેઓ તિરછુ ૫૦૦ યોજન પ્રમાણ ક્ષેત્રમાં ગમનાગમન કરે છે. તેઓના મંડળ અનવસ્થિત છે. ગ્રહ, નક્ષત્ર અને તારાઓ પોતાના એક નિશ્ચિત વર્તુળાકાર મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. તેઓના મંડળ અવસ્થિત છે. સૂર્યના કુલ ૧૮૪ મંડળ છે, ચંદ્રના ૧૫ અને નક્ષત્રના આઠ અવસ્થિત મંડળ છે. ગ્રહ અને તારાઓના મંડળની નિશ્ચિત સંખ્યા નથી.

ચંદ્ર, સૂર્ય અને નક્ષત્રનું પ્રથમ મંડળ મેરુ પર્વતથી ૪૪,૮૨૦ યોજન દૂર અને જંબૂદ્વીપના અંતભાગથી ૧૮૦ યોજન અંદર છે. તારાઓનું પ્રથમ મંડળ મેરુપર્વતથી ૧,૧૨૧ યોજન દૂર છે. ચંદ્ર, સૂર્ય,

નક્ષત્રના પ્રથમ અને અંતિમ મંડળ સમરેખાએ ઉપર–નીચે છે, તેના વ્યાસ, પરિધિ આદિ એક સરખા છે. તેઓના અંતિમ મંડળ મેરુપર્વતથી ૪૫,૩૩૦ યોજન દૂર છે, લવણ સમુદ્રમાં તે ૩૩૦ યોજન દૂર છે.

સૂર્ય પ્રથમ મંડળ ઉપરથી અંતિમ મંડળ તરફ પ્રયાણ કરે તેને દક્ષિણાયન કહે છે. સૂર્યને પ્રથમ મંડળથી અંતિમ મંડળ ઉપર પહોંચવામાં છ માસ લાગે છે. અર્થાત્ સૂર્ય છ માસમાં ૫૧૦ યોજન દૂર જાય છે. અંતિમ મંડળથી પ્રથમ મંડળ તરફ સૂર્ય પ્રયાણ કરે, તેને ઉત્તરાયણ કહે છે. ઉત્તરાયણના છ માસ હોય છે. એક વરસમાં દક્ષિણાયન અને ઉત્તરાયણ, બે અયન થાય છે.

સૂર્ય ૩૦ મુહૂર્તમાં (૨૪ કલાકમાં) એક અર્ધ મંડળને પાર કરે છે. જંબૂદ્વીપમાં બે સૂર્ય પરિભ્રમણ કરે છે. બંને સૂર્ય સામસામી દિશામાં રહીને ભ્રમણ કરે છે. તેથી એક સાથે સામસામી દિશાના બે ક્ષેત્રને પ્રકાશિત કરે છે, તેથી જ જંબૂદ્વીપના ભરત અને

ઐરવત ક્ષેત્રમાં દિવસ હોય ત્યારે પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહમાં રાત્રિ હોય છે અને ભરત–ઐરવત ક્ષેત્રમાં રાત્રિ હોય ત્યારે પૂર્વ–પશ્ચિમ વિદેહમાં દિવસ હોય છે. દક્ષિણાયનમાં સૂર્ય મેરુપર્વતથી દૂર જાય છે, ત્યારે દિવસ ટૂંકો અને રાત્રિ લાંબી થતી જાય છે. અને ઉત્તરાયણમાં સૂર્ય મેરુપર્વતની નજીક આવતો જાય છે તેથી દિવસ લાંબો અને રાત્રિ ટૂંકી થતી જાય છે. સૂર્ય પ્રથમ મંડળ ઉપર ભ્રમણ કરતો હોય ત્યારે ૧૮ મુહૂર્તનો દિવસ અને બાર મુહૂર્તની રાત્રિ હોય છે અને અંતિમ મંડળ ઉપર સૂર્ય ભ્રમણ કરતો હોય ત્યારે બાર મુહૂર્તનો દિવસ અને ૧૮ મુહૂર્તની રાત્રિ હોય છે. સૂર્યના પ્રકાશમાં વસ્તુની છાયા–પડછાયો પડે છે. દક્ષિણાયનમાં વસ્તુની છાયા મોટી થાય છે અને ઉત્તરાયણમાં છાયા નાની જતી જાય છે.

સૂર્ય ઊર્ધ્વદિશામાં ૧૦૦ યોજન સુધી, અધોદિશામાં ૧૮૦૦ યોજન ક્ષેત્રને પ્રકાશિત કરે છે. સૂર્યથી ૮૦૦ યોજન નીચે પૃથ્વીતલ છે અને

સલીલાવતી અને વપ્રા વિજય ૧૦૦૦ યોજન ઊંડી ગઈ છે. ત્યાં સુધી સૂર્ય પ્રકાશ ફેલાય છે, માટે અધોદિશાના ૧૮૦૦ યોજન પ્રકાશિત થાય છે.

જંબૂદ્વીપમાં સામસામી દિશામાં રહી બે ચંદ્ર મેરુને પ્રદક્ષિણા કરે છે. ચંદ્ર કરતાં સૂર્યની ગતિ શીઘ્ર છે, તેથી તે એક માસમાં બે અયન પૂર્ણ કરે છે. ચંદ્ર વિમાનની ચાર અંગુલ નીચે રહી નિત્યરાહુ પરિભ્રમણ કરે છે. તે પંદર દિવસ સુધી પ્રતિદિન ચંદ્રકળાને આવરિત કરે છે અને પુનઃ પંદર દિવસ સુધી અનાવરિત કરે છે. પૂનમના દિવસે ચંદ્ર સંપૂર્ણ અનાવરિત હોય છે અને અમાસનો ચંદ્ર રાહુગ્રહથી સંપૂર્ણતયા આવરિત હોય છે.

ગ્રહ, નક્ષત્ર અને તારાઓનું એક મંડળથી બીજા મંડળ ઉપર ગમન થતું નથી, તેથી તેને ઉત્તરાયણ-દક્ષિણાયન નથી. ૨૮ નક્ષત્રો આઠ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. પ્રથમ મંડળ ઉપર બાર નક્ષત્રો, બીજા મંડળ ઉપર બે, ત્રીજા મંડળ ઉપર એક નક્ષત્ર, ચોથા મંડળ ઉપર બે નક્ષત્ર, પાંચમા-છટ્ઠા-

સાતમા મંડળ ઉપર એક-એક નક્ષત્ર અને આઠમા મંડળ ઉપર આઠ નક્ષત્ર ભ્રમણ કરે છે.

ચંદ્ર, સૂર્ય, નક્ષત્રની ગતિની ભિન્નતાના કારણે પોત-પોતાના મંડળ ઉપર ભ્રમણ કરતાં તેઓ કેટલાક સમય માટે સાથે જઈ જાય છે. ચંદ્રનક્ષત્ર, સૂર્યનક્ષત્રના સહભ્રમણને યોગ કહે છે. નક્ષત્ર કરતાં સૂર્યની મંદગતિ હોવાથી નક્ષત્રોનો સૂર્યયોગ કેટલાક અહોરાત્ર પર્યંત રહે છે અને નક્ષત્રોનો ચંદ્રયોગ કેટલાક મુહૂર્ત પર્યંત રહે છે.

જ્યોતિષ્ક દેવોમાં ચંદ્ર વિમાન સૌથી મંદગતિવાળા છે. તેના કરતાં સૂર્ય, સૂર્ય કરતાં ગ્રહ, ગ્રહ કરતાં નક્ષત્ર અને નક્ષત્ર કરતાં તારા શીઘ્ર ગતિવાળા છે. જ્યોતિષ્ક દેવોમાં ચંદ્ર મહાઋદ્ધિવાન છે. તેના કરતાં સૂર્યને અલ્પઋદ્ધિ છે. ક્રમશઃ ગ્રહ, નક્ષત્ર, તારા અલ્પ ઋદ્ધિવાળા છે. પૂર્વભવમાં જેણે તપ, નિયમ, બ્રહ્મચર્ય આદિનું શ્રેષ્ઠ આચરણ કર્યું હોય, તે દેવો ચંદ્ર જેવી કે તેનાથી કાંઈક ન્યૂન ઋદ્ધિને પામે છે.

જ્યોતિષ્ક દેવોમાં ચંદ્ર અને સૂર્ય ઈન્દ્ર છે.

બંનેનો પરિવાર એક જ છે પણ તેમાં આજ્ઞા ચંદ્રેન્દ્રની ચાલે છે. અઢીદ્વીપની બહાર ચંદ્ર અને સૂર્ય વચ્ચે ૫૦,૦૦૦ યોજનનું અંતર હોય છે. સૂર્ય ચંદ્રાંતરિત અને ચંદ્રો સૂર્યાંતરિત હોય છે. ત્યાં તે બંનેનો પ્રકાશ મિશ્રિત થતો હોવાથી અતિ ઉષ્ણતા કે અતિ શીતળતા હોતી નથી. તેના પ્રકાશ  ક્ષેત્રનો આકાર ઈંટ જેવો હોય  છે.

ચંદ્ર વિમાનો $^{૫૬}/_{૬૧}$ યોજન લાંબા–પહોળા અને $^{૨૮}/_{૬૧}$ યોજન ઊંચા છે. સૂર્ય વિમાનો $^{૪૮}/_{૬૧}$ યોજન લાંબા–પહોળા અને $^{૨૪}/_{૬૧}$ યોજન ઊંચા છે. ગ્રહવિમાનો ૨ ગાઉ લાંબા–પહોળા અને ૧ ગાઉ ઊંચા હોય છે. નક્ષત્ર વિમાનો ૧ ગાઉ લાંબા–પહોળા અને અર્ધો ગાઉ ઊંચા હોય છે. તારા વિમાનો અર્ધો ગાઉ લાંબા–પહોળા અને $^{૧}/_{૪}$ ગાઉ ઊંચા હોય છે.

ચંદ્ર વિમાન અને સૂર્ય વિમાનને ૧૬૦૦૦ દેવો, ગ્રહ વિમાનને ૮૦૦૦ દેવો, નક્ષત્ર વિમાનને ૪૦૦૦ દેવો અને તારા વિમાનને ૨૦૦૦ દેવો વહન કરે  છે.

# શ્રી આગમ સૂત્ર

## ❖ અંગસૂત્ર-૧૧ ❖

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દૃષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

## ❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
શ્રી વહ્નિદશા સૂત્ર

## ❖ મૂળસૂત્ર-૪ ❖

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

## ❖ છેદસૂત્ર-૪ ❖

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

## પ્રકાશક

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

## સૌજન્ય

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ
કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે
માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા
સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા
શ્રી કેતન રસિકલાલ અજમેરા શ્રી મિલન રસિકલાલ અજમેરા
શ્રીમતી હિના નિમેષ કોઠારી

## પ્રાપ્તિ સ્થાન

શ્રી મિલન અજમેરા
૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

પરમ પ્રિંટર્સ – 9825193988

◆ કિંમતઃ રૂ. 300/- ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-